જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૧૦/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૯૩૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૩/૧૦/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૦૮	૦	૧૧૭૦૮	૧૭૮૧૮	૦	૧૭૮૧૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૬	૦	૧૧૬	૩૯૩	૦	૩૯૩
૪	**Disaster Management Act 2005** હેઠળના ગુન્હાઓ	૭૨૮૭૮	૨૪	૭૨૯૦૨	૭૩૯૧૭	૨૪	૭૩૯૪૧
કુલ		૮૯૪૩૫	૨૪	૮૯૪૫૯	૯૮૪૧૦	૨૪	૯૮૪૩૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૩	૪,૬૯,૬૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૬૮	૩,૬૮,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન

મિલ્કત સબંધી પાસા અટકાયતીની ધરપકડ કરતી ગુજરાત યુનિવર્સીટી પોલીસ

ગુજ યુનિ પો.સ્ટે. પાર્ટ એ-ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૭૨૧૦૧૪૫/૨૦૨૧ ધી ઇપીકો કલમ. ૪૫૭, ૩૮૦ મુજબના ગુનાના કામે આરોપી ધવલ ઉર્ફે ટીંગો રાજુભાઇ મુકુંદરાવ જાદવ ઉ.વ.૩૪ રહે.શંભુભાઇ દેસાઇના મકાનમાં કાંતીભાઇ કરીયાણાની દુકાન પાસે, જેશીંગભાઇ રબારીની ચાલી વાળીનાથનગર હેલ્મેટ સર્કલ પાસે મેમનગર ઘાટલોડીયા, અમદાવાદ શહેર નાઓના ગુનાહિત ઇતિહાસની પોકેટ કોપ મોબાઇલ આધારે તપાસ કરાવતાં આરોપી અગાઉ નવરંગપુરા પો.સ્ટે. ગુ.ર નં-૧૧૧૯૧૦૩૬૨૦૦ ૫૦૮/૨૦૨૦ ધી ઇપીકો કલમ. ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબના ગુનામાં પણ પકડાયેલ હોય આરોપીને ઉપરોક્ત બંને ગુનામાં અટક કરવામાં આવેલ હોય તેમજ આ કામનો આરોપી મિલ્કત સબંધી ગુનાઓ કરવાની ટેવવાળો હોય અને અગાઉ આરોપી વિરુધ્ધમાં પાસા હુકમ નં.૨૪૭/૨૦૦૯ તથા ૧૪૪/૨૦૧૬ તથા ૭૪૭/૨૦૧૭ થી પાસા હેઠળ અટકાયતી પગલા લેવામાં આવેલ હોય જેથી આરોપીની આવી પ્રવૃત્તિ તાત્કાલીક અંકુશમાં લેવી જરુરી હોય જરુરી દસ્તાવેજી પુરાવાઓ એકત્રીત કરી સમયમર્યાદામાં આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે મોકલી આપતાં મે.પોલીસ કમિશ્નર સા.શ્રી નાઓના કચેરીના ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૫૮૧/૨૦૨૧ તા.૨૨/૧૦/૨૦૨૧ થી પાસા હુકમ મેળવી તા.૨૨/૧૦/૨૦૨૧ ના રોજ કલાક ૨૨/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને જરુરી પોલીસ જાપ્તા સાથે રાજકોટ જેલ ખાતે અટકાયતમાં રહેવા સારુ મોકલી આપેલ છે. તા:૨૩/૧૦/૨૦૨૧

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ:-

(૧) પો.ઇન્સ. વી.જે.જાડેજા

(૨) અ.હે.કો પ્રહલાદસિંહ રણુભા બ.નં.૪૦૬૩

(૩) અ.હે.કો. કનુભાઈ નાગજીભાઈ બનં.૬૮૫૮

(૪) પો.કો. દિગ્વીજયસિંહ લક્ષ્મણસિંહ બ.નં.૧૦૨૭૨

(૫) પો.કો. અનિલકુમાર હિંમતલાલ બનં.૩૬૫૪

(૬) પો.કો. અનિલકુમાર ઇશ્વરભાઇ બ.નં.૮૦૭૮



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૯૩૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૧૬૩ લીટર દેશી દારૂ, ૧૧૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૭,૩૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૯૩૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૯૩૮/૨૦૨૧**

ગુજરાત યુનિવર્સિટીઃ ભાવિક ભુપેન્દ્રકુમાર મોદી (ઉ.વ.૨૮) (રહે. નવા ગામ સ્વામિનારાયણ મંદીરની બાજુમાં નારણપુરા) એ તા.૨૩/૧૦/૨૦૨૧ ના રોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જાન્યુઆરી/૨૦૨૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આંબાવાડી પંચવટી પહેલી લાઇન સુર્યરથ બીલ્ડીંગ જીંદાલ વર્લ્ડવાઇડ લીમીટેડ કંપની ખાતે કંપનીના ક્રેડીટ કંટ્રોલ વિભાગમાં સિનીયર એક્ઝયુક્યુટીવ તરીકે નોકરી કરતા આરોપી હાર્દીક મયુરભાઇ પંડ્યા (રહે. ચાણક્યપુરી ફ્લેટ, સેક્ટર-૧ કારેશ્વર મહાદેવ પાછળ ઘાટલોડીયા) એ અન્ય કંપની માંથી કંપનીના કામે આવતા નાણા ૧૫,૩૬,૪૨૮/- પર્સનલ બેન્ક ખાતામાં મેળવી લઇ ઉચાપત કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.જે.જાડેજા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૯૩૯/૨૦૨૧**

ચાંદખેડાઃ સુનિલ સ/ઓ સિતલા સહાય (રહે. સુજન એવન્યુ લક્ષ્મી સોસાયટી લો ગાર્ડન) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૦/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન ચાંદખેડા ઝુંડાલ સર્કલ પાસે સંગાથ આઇ.પી.એલની બાજુમાં શ્રી હરી ગ્રીન્સ એપાર્ટમેન્ટ ખાતે પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીઓમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫,૩૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.વી.પટેલ ચલાવે છે.

શાહીબાગઃ હરીહરરામન સુબ્રમણ્યમ ઐયર (રહે. હિમગીરી સોસાયટી હંસપ્રતાપ સોસાયટી સામે શાંતમ ટાવર પાસે શાહીબાગ) એ તા.૨૩/૧૦/૨૦૨૧ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૯/૨૦૨૧ થી તા.૨૩/૧૦/૨૦૨૧ કલાક ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી યુ.એસ.તથા કેનેડાના ડોલર ભારતીય ચલણ મુજબ રૂપિયા ૨૦,૦૦૦/-, સોનાની બુટ્ટી કિમત રૂપિયા ૧૫,૦૦૦/-, ચાંદીની ઝાંઝર કિમત રૂપિયા ૧૫૦૦/-, ચાંદીની મુર્તી, ચાંદીનો ગ્લાસ મળી કુલ રૂપિયા ૩૮,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એ.દેસાઇ ચલાવે છે.

રખિયાલઃ કલ્યાણભાઇ આલજીભાઇ કોરડીયા (રહે. જવાહરનગર ઇન્દીરાનગર પાસે અમરાઇવાડી) એ તા.૨૩/૧૦/૨૦૨૧ ના રોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૦/૨૦૨૧ રાતના ૮/૩૦ થી તા.૨૩/૧૦/૨૦૨૧ કલાક ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રખિયાલ મર્કટાઇલ બેંકની બાજુમાં ગુજરાત બોટલીંગની પાસે પોતાની ભંગારની દુકાનનુ શટર તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી ૯૫ કીલોગ્રામ કોપર કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એચ.નિનામા ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૧૯૪૦/૨૦૨૧</u>**

ચાંદખેડાઃ સ્વીકુતી ડો/ઓ અર્જુનપ્રસાદ ચૌધરી (ઉ.વ.૨૧) (રહે. શરણ સર્કલ હોમ ઝુંડાલ સર્કલ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૦/૨૦૨૧ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને કે.ડી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.ચૌધરી ચલાવે છે.

મેઘાણીનગરઃ ઓમપ્રકાશ શિવનાથ યાદવ (ઉ.વ.૪૦) (રહે.ડીફેન્સ કોલોની ગલી નંબર-૪ ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૦/૨૦૨૧ રાતના ૧૦/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંકમાં છતના ભાગે હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અશ્વિનભાઇ નટુભાઇ ચલાવે છે.

નરોડાઃ રમેશભાઇ છેલાજી ઠાકોર (ઉ.વ.૪૬) (રહે. મફતનગરનાં છાપરાં દેવી સિનેમા સામે નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૦/૨૦૨૧ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પિયુષકુમાર નાથાલાલ ચલાવે છે.

ખોખરાઃ અજય પ્રકાશભાઇ ડીગોરીકર (ઉ.વ.૨૫) (રહે. ભગવાનદાસની ચાલી ભાઇપુરા શીતળા માતાના મંદિર સામે હાટકેશ્વર ખોખરા) એ અગમ્ય કારણસર તા.૨૩/૧૦/૨૦૨૧ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં પટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.ચુડાસમા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.